# તલોદના કોંગ્રેસી અગ્રણી અને કોર્પોરેટરનું દુઃખદ અવસાન

તલોદ, તા.૧

તલોદના રાજકારણમાં સક્રિય કોંગ્રેસી આગેવાન અને તલોદ નગરપાલિકા વૉર્ડ નં.૬ના હાલના કોર્પોરેટર શ્રી બાલુસિંહ વજેસિંહ સોલંકીનું ૨૦૧૯ના અંતિમદિને વહેલી સવારે દુઃખદ અવસાન થયેલ છે. તલોદના સામાજીક પ્રશ્નો, પ્રજાલક્ષી સમસ્યાઓ તેમજ સંસ્થાકીય બાબતોમાં હરહંમેશા ઉમદા કાર્ય કરી પ્રજાજનોમાં લોકચાહના મેળવનાર સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં કોંગ્રેસી આગેવાનો, કાર્યકરો, ભાજપના આગેવાનો અને કોર્પોરેટરો તથા વેપારીઓ અને મોટી સંખ્યામાં પ્રજાજનો સામેલ થઈ શ્રદ્ધાંજલિ અર્પી હતી.





## ઉતરાયણ પર્વ નિમિતે શ્વાન માટે લાડુ તૈયાર કરાયા

ઉતરાયણ પર્વમાં દાન-પુણ્યનો મહિમા અનોખો છે. ત્યારે ઉતરાયણના દિવસે પરંપરા મુજબ ગાયને ઘાસ તેમજ શ્વાનને લાડુ ખવડાવવામાં આવે છે. જેને પગલે સેકટર-૫ એ વસાહતના ગોપી મહિલા ભજન મંડળ અને રાધે ભજન મંડળની બહેનોએ ઉતરાયણના ધાર્મિક પર્વના દિવસે શ્વાનને લાડુ આરોગવા આપવા માટે અત્યારથી તૈયારીઓ શરુ કરી દીધી છે. ભજન મંડળની બહેનો નિરૂબેન, શંકુતલાબેન, હેતલબેન સહિતની બહેનો મોટીસંખ્યામાં જોડાઈને શ્વાન માટે લાડુ બનાવવાની કામગીરીમાં ઉત્સાહભેર જોડાયા હતા.

# ગુજરાત બન્યું દેશનું સ્ટાર્ટ-અપ હબ

ગાંધીનગર, તા. ૧

ગુજરાત માટે આનંદના સમાચાર આવ્યા છે. દેશના ૪૩ ટકા સ્ટાર્ટઅપ શેર સાથે ગુજરાત દેશનું સ્ટાર્ટ અપ હબ બન્યું છે.

ભારત સરકારના આઈ.ટી ક્ષેત્રની પ્રતિષ્ઠિત સંસ્થા નાસ્કોમના એક અભ્યાસ અહેવાલમાં જણાવ્યા મુજબ ૨૦૧૪થી ૨૦૧૯ના સમયગાળા દરમિયાન એવરેજ વાર્ષિક ૧૨ થી ૧૫ ટકાના ધોરણે સ્ટાર્ટ અપમાં વૃદ્ધિ થઈ છે.

દેશભરમાં આ સમયગાળા દરમિયાન ૧૫૦ સ્ટાર્ટ અપમાંથી ૪૩ ટકા ફંડેડ સ્ટાર્ટ અપ એકલા ગુજરાતમાં જ કાર્યરત છે.

વિશ્વમાં ભારત સ્ટાર્ટઅપ ક્ષેત્રે ૨૦૧૮-૧૯ના વર્ષમાં સૌથી મોટું ત્રીજું રાષ્ટ્ર બન્યું છે તેમાં ગુજરાતે ૪૩ ટકા સ્ટાર્ટઅપ સાથે મહત્વપૂર્ણ પ્રદાન કર્યુ છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં સ્ટાર્ટઅપને વેગવાન બનાવવા દેશભરમાં પહેલરૂપ સ્ટાર્ટ અપ પોલિસી પણ અમલમાં છે. દેશમાં ૨૦૧૪થી ૨૦૧૯ વચ્ચે



નવ હજારથી વધુ સ્ટાર્ટ અપની સ્થાપના થઈ છે. તેમાં પણ ગુજરાત ૧૫૦૦ કરતાં વધુ રજિસ્ટર્ડ સ્ટાર્ટ અપ અને ૨૨૨ ફંડેડ સ્ટાર્ટઅપનું સંખ્યાબળ ધરાવતું રાજ્ય છે.

અહીં ઈનોવેટીવ પ્રક્રિયા માટે રો-મટિરિયલ-સંશાધનો વગેરે માટે રૂ. ૧૦ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. એટલું જ નહિ, ઈન્કયુબેટર્સને ૫૦ ટકા સુધીની મૂડીસહાય, વાર્ષિક પાંચ લાખ સુધીની માર્ગદર્શન સહાય તેમજ પાવર ટેરિફ અને ઈલેકટ્રીસિટી ડયૂટીમાં રાહત આપવામાં આવે છે.

રાજ્ય સરકારના આ પ્રેરક અભિગમને પરિણામે સ્ટાર્અપ કલ્ચરને વેગ મળ્યો છે અને ઈન્કયુબેટર્સની સક્રિયતા, સ્થાનિક યુનિવર્સિટીઓ, ઉચ્ચશિક્ષણ સંસ્થાઓમાં સ્ટાર્ટઅપ માટે તેમના વિચારોને સંશોધનોને વાસ્તવિક સ્વરૂપ આપવાની તક પણ વિકસી છે. રાજયમાં આઈક્રિયેટની સ્થાપના દ્વારા યુવાઓને વૈશ્વિક વૈચારિક આદાન-પ્રદાન ટેકનોલોજી શેરિંગની તક પણ ઉપલબ્ધ બની છે તેમજ આઈ-ક્રિયેટ દ્વારા પણ સ્ટાર્ટઅપ ઈનોવેશન્સ માટે સહાય ઉપલબ્ધ છે. સ્ટાર્ટઅપ ક્ષેત્રે ગુજરાતની આ સંપૂર્ણ ઈકો સિસ્ટમની મહત્તા અને પોટેન્શીયલ જોતાં ભારત સહિતના બિમસ્ટેક દેશો બાંગ્લાદેશ, ભૂતાન, મ્યાનમાર, શ્રીલંકા, થાઈલેન્ડ, નેપાળનું આગામી સ્ટાર્ટઅપ કન્વેન્શન પણ ગુજરાતમાં યોજવાનું આયોજન થઈ રહ્યું છે.

રાજ્યમાં ૨૦૧૬થી અત્યાર સુધીમાં રૂ. ૧૪૦ કરોડની સહાયના સ્ટાર્ટઅપને આપવામાં આવી છે. ૪ હજાર કરતાં વધુ લોકોને જુદા જુદા સ્ટાર્અપ ક્ષેત્રે રોજગાર અવસર મળ્યા છે.

# અમદાવાદ એડવર્ટાઈઝિંગ સર્કલ એસો. આયોજિત રાત્રિ ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ



ગાંધીનગર, તા.૧

ગુજરાતના સૌથી મોટા એડવર્ટાઈઝર અને મીડિયા એસોસિએશન એએસીએ દ્વારા અમદાવાદના જગરનોટ ગ્રાઉન્ડ ખાતે 'એએસીએ ક્રિકેટ કાર્નિવલ ૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યું હતું. યોજાયેલી રાત્રી ક્રિકેટ ટૂર્નામેન્ટ ૧૬ ટીમો વચ્ચ રમાઈ હતી જે અંતર્ગત ૧૨૮ ખેલાડીઓએ ૩૯ રોમાંચક મેચોમાં ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટમાં 'ધ મીડિયા કાફે ટુપર'ની ટીમે યશસ્વી પ્રદર્શન કરી ચેમ્પિયનપદ હાંસલ કર્યુ હતું. એસોસીએશનના પ્રમુખ પ્રશાંત નારેચાણીઆ તથા એકિઝકયુટિવ કમિટીના સભ્યો સંદિપ શાહ, પીનલ શાહ, જગત ગાંધી, પ્રદીપ મહેતા, મનિષ ગાંધીને વિજેતા ટ્રોફી એનાયત કરાઈ હતી. સંસ્થાના સેક્રેટરી સમીર શાહે ગ્રાન્ડ ફિનાલેના અવસરે એસોસિએશન વતી તમામનો આભાર માન્યો હતો.

# ખેડૂતોને રાહત પેકેજનો લાભ ૧૪મી સુધી મળી શકશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાતમાં હાલમાં પડેલા કમોસમી વરસાદથી ખેડુતોને થયેલા નુકસાન સંદર્ભે જાહેર કરાયેલા ૩૭૯૫ કરોડ રૂપિયાના પેકેજનો લાભ લેવાની મુદત ૧૪મી જાન્યુઆરી ૨૦૨૦ સુધી લંબાવી દેવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે આજે આ અંગેની જાહેરાત કરી હતી. બાકી રહી જતા ખેડુતોએ આ પેકેજનો મહત્તમ લાભ લેવા ઓનલાઈન અરજી કરવાની રહેશે. અત્યાર સુધીમાં ૮.૨૮ લાખ ખેડુતોને ૬૧૭.૯૨ કરોડ રૂપિયાની રકમ તેમના ખાતામાં સીધી રીતે જમા કરવામાં આવી ચુકી છે. સમયસર ઓનલાઈન અરજી કરી પેકેજનો લાભ લેવા સરકારે અપીલ કરી છે. ૩૦.૨૮ લાખ જેટલા ખેડુતો દ્વારા ઓનલાઈન અરજી કરવામાં આવી ચુકી છે. જે પૈકી ૮.૨૮ લાખ ખેડુતોને નાણાની ચુકવણી કરવામાં આવી ચુકી છે. નાણા વિભાગ દ્વારા સંબંધિત જિલ્લા કલેકટરોને નાણાની ફાળવણી કરી દેવામાં આવી છે. નીતિન પટેલના કહેવા મુજબ ૩૩ જિલ્લાના ૨૪૮ ગ્રામ્ય તાલુકાઓના અંદાજિત ૧૮૩૭૯ ગામોના અંદાજિત ૫૬.૩૬ લાખ ખેડુત ખાતેદારોને ૩૭૯૫ કરોડનુ પેકેજ મંજુર કરવામાં આવ્યું છે. સહાય પેકેજમાં એસડીઆરએફ હેઠળ ૨૧૫૪ કરોડ અને રાજ્યના બજેટથી ૧૬૪૧ કરોડ ચુકવાશે. રાજય સરકારે ખેડૂતોને પાક નુકસાનીની સહાય માટેની ઓનલાઈન અરજી કરવાની મર્યાદામાં ૧૪ દિવસનો વધારો કરવાની બહુ મહત્વની જાહેરાત કરી હતી. જેના કારણે હવે રાજયના ખેડૂતો તેમને કમોસમી વરસાદ, માવઠાંને લઈ થયેલા પાક નુકસાની મુદ્દે સહાય કે વળતર મેળવવા માટે તા.૧૪મી જાન્યુઆરી સુધી પોતાની ઓનલાઈન અરજીઓ કરી શકશે. રાજયમાં ખેડૂતોની લાગણીને ધ્યાનમાં લઈ સરકાર દ્વારા ખેડૂતોને પાક નુકસાનીની સહાય માટે ઓનલાઈન અરજી કરવાની મર્યાદામાં ૧૪ દિવસનો વધારો કર્યો છે.

આમ ખેડૂતો હવે તા.૧૪ જાન્યુઆરી સુધી સરકારી સહાય કે વળતર માટે ઓનલાઈન અરજી કરી શકશે. આ ઉપરાંત રાજ્ય સરકારે ગોધરા, વેરાવળ, ખંભાળિયા, બોટાદ, મોરબીમાં નવી મેડિકલ કોલેજ બનાવવાનો નિર્ણય લીધો છે. તેની સાથે સાથે હયાત હોસ્પિટલોમાં પથારીઓ પણ વધારવામાં આવશે. હાલની હોસ્પિટલોને અપગ્રેડ કરી ૩૦૦ બેડની હોસ્પિટલમાં કરવાની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલાશે. જેની પાછળ રૂ. ૧૫૦૦ કરોડનો ખર્ચ થશે. જેમાં રાજ્ય સરકાર ૪૦ ટકા તો, કેન્દ્ર સરકાર ૬૦ ટકા ખર્ચ ભોગવશે. સરકારે નવા વર્ષની શરૂઆત સાથે જ આ નવી મહત્વની જાહેરાતો કરી હતી.

# જુના ડીસામાં રેતી ભરીને દોડતા ટર્બો-ટ્રકની રંજાડ : ગામના મુખ્ય રોડની દુર્દશા



જુનાડીસા

ડીસા તાલુકાના જુનાડીસા ગામના વાસણા રોડ ઉપર રેતી ભરીને બેફામ ઝડપે દોડતા ટર્બો ટ્રકોના કારણે ગામલોકો ભારે હાડમારીઓ વેઠી રહ્યાં છે. છતાં તંત્ર ઘોરતું હોવાની બૂમરાડો ઉઠવા પામી છે.

જુનાડીસા ગામને અડીને આવેલ બનાસ નદીનું વહેણ સુકાઈ ગયું છે પણ તેની કિંમતી રેતીની રાત દિવસ ખુલ્લેઆમ તસ્કરી થઈ રહી છે. રેત માફિયાઓ સરકારના નીતિનિયમો નેવે મૂકી જેસીબી-હીટાચી જેવી ભારે મશીનરીથી રેતી ઉલેચે છે. તેથી નદીનો વીશાળ પટ ઊંડી કોતરો અને ખીણોમાં ફેરવાઈ ગયો છે જ્યાંથી ઓવરલોડ રેતી ભરીને ટર્બો ટ્રકો આવરણ ઢાંકયા વગર પુરઝડપે દોડી રહી છે જેના કારણે પાકો વાસણા રોડ જર્જરિત અને ખખડધજ બની ગયો છે જેથી રાહદારીઓ અને અન્ય વાહનચાલકોને રોડ ઉપરથી નીકળવું પણ દુષ્કર બની જાય છે પુરઝડપે દોડતા ટર્બો ટ્રકોના કારણે ગમખ્વાર માર્ગ અકસ્માતો પણ બનેલા છે. તેમ છતાં સાંજ અને રાતના સુમારે પણ આ ટર્બો ટ્રકો બેફિકર દોડી રહી છે .આ બાબતે રોષ ઠાલવતા પૂર્વ ડેલીગેટ પરબતભાઈ રાઠોડે જણાવ્યું હતું કે રેતી ભરીને વાહનો બિનઅનીધિકૃત રીતે સરકારી જમીનમાંથી જાહેર માર્ગ ઉપર બેફામ દોડે છે એકબાજુ કુદરતી સંપદા વેડફાય છે અને બીજી બાજુ સરકારને પણ રોયલ્ટીની રકમ ગુમાવવી પડે છે જેને ગંભીરતાથી લઈ ખાણ અને ખનીજ વિભાગ તેમને કાયદાનું ભાન કરાવે તેવી માંગ પણ કરી હતી. રેત તસ્કરીને ગંભીરતાથી લઈ ખાણ અને ખનીજ વિભાગ દ્વારા વાસણા રોડ ઉપર આકસ્મિક દરોડો પડાય તેવો જનમત પ્રવર્તે છે.

# આવતીકાલથી મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ-૨

## સૌથી મોટા બ્રાહ્મણ બિઝનેસ આયોજન માટે 'વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ'માં સ્થાન

ગાંધીનગર, તા.૧

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા) દ્વારા આગામી ૩, ૪, ૫ જાન્યુઆરી - ત્રણ દિવસ દરમિયાન ગુજરાતના બ્રાહ્મણોની મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ-૨ અને બ્રહ્મ ગૌરવ એવૉર્ડ-૨ કાર્યક્રમ યોજવા જઈ રહ્યો છે. આ વિશે પત્રકારોને જણાવતા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના કન્વીનર / મહામંત્રી ડૉ. યજ્ઞેશ દવેએ જણાવ્યું કે, ત્રિ-મંદિર અડાલજ પાસેના વિશાળ ગ્રાઉન્ડમાં આગામી ૩થી ૫ દરમિયાન ત્રણ દિવસ મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ-૨ અને બ્રહ્મ ગૌરવ એવૉર્ડ-૨ની માહિતી આપતા જણાવ્યા હતું કે, ૩ લાખ ૫૦ હજાર ચોરસ મીટર જેટલી જગ્યામાં આ ત્રિ-દિવસીય કાર્યક્રમાં ત્રણ લાખથી વધુ બ્રહ્મ પરિવારના મુલાકાતીઓ ભાગ લેશે તેવો અંદાજ છે. જેમાં બી-ટુ-બી અને બી-ટુ-સી મિટિંગ તથા રોજગાર મેળો તેમજ ૨૦૦ ઉપરાંત ઉદ્યોગ સાહસિકોના સ્ટોલ ઉભા કરવામાં આવશે. સાથો સાથ વિશિષ્ટ યોગદાન પ્રાપ્ત કરનાર ૬૦૦થી વધુ બ્રહ્મ પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવશે. તેમજ ૧૦૦૦૦થી વધુ યુવા - યુવતીઓને રોજગારી આપવાનો અંદાજ છે.

વધુમાં આયોજનની વિગતો આપતા ડૉ. યજ્ઞેશ દવેએ જણાવ્યું હતું કે, ૩જી જાન્યુઆરીને પ્રથમ દિવસે સવારે ૯ વાગ્યે સુપ્રસિદ્ધ કથાકાર ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, ચૂંદડીવાળા માતાજી (અંબાજી ગબ્બર), ભાગવત કથાકારશ્રી પૂ. જિગ્નેશદાદા સહિત ૧૫૦થી વધુ સાધુ - સંત - મહંતશ્રી - કથાકારોની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચ્ચાર સહિત ૧૦૧ સ્વાગત સાથે ધર્મસભાનું આયોજન રાખેલ છે. ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યે ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, ગુજરાત રાજ્ય ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા તેમજ મંત્રીશ્રી વિભાવરીબેન દવે ઉદ્ઘાટનમાં ઉપસ્થિત રહેશે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા બિઝનેસ સમિટને ખુલ્લુ મુકવામાં આવશે. તા. ૪થીએ બીજા દિવસે સવારે ૧૧ કલાકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષશ્રી અમિતભાઈ ચાવડા, વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઈ ધાનાણી, માજી મંત્રીશ્રી ભરતસિંહ સોલંકી, પ્રદેશ મહામંત્રીશ્રી નિશીતભાઈ વ્યાસ તેમજ અન્ય કોંગ્રેસના આગેવાનો પધારશે. તેમજ તારીખ ૫મીના રોજ બ્રહ્મ ગૌરવ એવૉર્ડ-૨ કાર્યક્રમ યોજાશે જેમાં બોલીવુડ હસ્તીઓ અને રાજકીય પ્રતિભાઓનો મેળાવડો જોવા મળશે. જે બ્રહ્મ પ્રતિભાઓએ પોતાના કાર્યક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદાન કર્યું છે તેઓને વ્યક્તિગત પ્લેટફોર્મ પુરું પાડી સન્માનિત કરવામાં આવશે. સાથે બાળ મનોરંજન નગરી, ફુડ કોર્ટ સહિતનું પારિવારિક મનોરંજનનં આયોજન પણ રાખેલ છે. નવ દુર્ગા, ૧૨ જ્યોર્તિલિંગ, દશાવતાર, સવા લાખ રૂદ્રાક્ષનું શિવલિંગ અને પરશુરામ ભગવવાની ભવ્ય પ્રતિમા સમગ્ર કાર્યક્રમમાં આકર્ષણનું કેન્દ્ર બનશે.

# રાજ્યમાં નવી પાંચ મેડિકલ કોલેજ શરૂ કરવા દરખાસ્ત

ગાંધીનગર, તા.૧

ગુજરાતના પંચમહાલ, ગીરસોમનાથ, દેવભૂમિ દ્વારકા અને બોટાદ તેમજ મોરબી જિલ્લામાં નવી મેડિકલ કોલેજ શરૂ કરવા કેન્દ્ર સરકારમાં દરખાસ્ત મોકલી દેવામાં આવી છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ દ્વારા આ અંગેની જાહેરાત આજે કરવામાં આવી હતી. પ્રત્યેક મેડિકલ કોલેજ દીઠ ૩૨૫ કરોડના ખર્ચે હયાત હોસ્પિટલનું અપગ્રેડેસન કરવામાં આવશે. પાંચ કોલેજો માટે કેન્દ્ર સરકારના ૯૭૫ કરોડ અને રાજ્ય સરકારના ૬૫૦ કરોડ મળીને ૧૬૨૫ કરોડનો ખર્ચ કરાશે. પ્રાજ્ય સરકાર વિનામુલ્યે જમીન આપશે. પ્રત્યેક કોલેજમાં પ્રથમ વર્ષે ૧૦૦ બેઠકો પર પ્રવેશ મળશે. આ પાંચ કોલેજોમાં ૫૦૦ નવી મેડિકલ બેઠકો ઉપલબ્ધ રહેશે. કેન્દ્ર સરકારે રાજ્યોમાં સરકારી મેડીકલ કોલેજોની એમબીબીએસની સીટોમાં વધારો કરવા અંગેની યોજના અમલમાં મુકી છે. જેનો લાભ લઈ ગુજરાત સરકારે એમબીબીએસની બેઠકો વધારવા માટે નવી કોલેજોના નિર્માણ માટે દરખાસ્ત કરવાનો નિર્ણય કર્યો છે રાજ્યમાં નિર્માણ થનાર આ કોલેજોમાં કોલેજ દીઠ ૩૨૫ કરોડ ખર્ચ થશે જેમાં ભારત સરકાર ૬૦ ટકા લેખે ૧૯૫ કરોડ તથા રાજ્ય સરકારના ૪૦ ટકા લેખે ૧૩૦ કરોડ મળી કુલ ૫ કોલેજો ૧૬૨૫ કરોડના ખર્ચે ગુજરાતમાં સ્થપાશે.

## મોંઘવારીની ભેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સીલીન્ડરના ભાવમાં વધારો થયો છે. નવા ભાવ સમીક્ષા પછી ગેસ કંપનીઓએ સબસીડી વગરના ઘરેલુ ગેસ સીલીન્ડર (૧૪.૨ કીલો)ના ભાવોમાં ૧૯ રૂપિયાનો વધારો કર્યો છે. જે હવે રૂ. ૭૪૯નો થઈ ગયો છે. જયારે કોમર્શીયલ સીલીન્ડર (૧૯ કિલોનો બાટલો) પર રૂ. ૨૯.૫૦ રૂપિયાનો વધારો થયો છે.

## ચંદ્રયાન-3

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત જ નહી બલકે દુનિયાભરમાં ચર્ચા રહી હતી. ચંદ્રયાન-૩ મિશન પર માત્ર ૨૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમા પહેલાની જેમ જ લેન્ડર, રોવર અને પ્રોપસલન મોડ્યુલ રહેશે. યોજના પર ખર્ચ અંગે વાત કરતા સિવને કહ્યું હતું કે, આ મિશન પર ૨૫૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે.

## ઈકો ટુરીઝમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી છે. આ વિસ્તારમાં દાયકાઓ પુર્વે શક્કર ટેટીની વિશેષ ખેતી થતી હતી. જયારે આ વિસ્તારમાં શક્કર ટેટીના ઉત્પાદનના બે મોઢે વખાણ થતા હતા. જેને ધ્યાને લઈને આ વિસ્તારમાં ઓર્ગેનિક ખેતી પધ્ધતિથી વાવેતર કરવામાં આવશે. બજરંગદાસ બાપાન હનુમાન મંદિરની જમીન પંચાયત વિભાગ હસ્તકની છે. જયારે આ વિસ્તારને ઈકો ટુરીઝમ પેટર્ન વિકસાવવા માટે આગામી દિવસોમાં બાંધકામ પણ કરવામાં આવશે.

આ વિસ્તારમાં જંગલ તેમજ નદીકાંઠાને ધ્યાનમાં રાખી પ્રવાસીઓને આકર્ષિત કરવા માટે પણ નવતર આયોજન કરાશે. પ્રવાસીઓને રહેવાની સગવડ ઉપરાંત પાર્કીંગની સુવિધા, યોગ્ય બેઠક વ્યવસ્થા પણ કરવામાં આવશે. જંગલ વિસ્તારમાં વનકુટીર તેમજ વનકેડી પણ બનાવાશે.

જયારે હનુમાન મંદિર દર્શનાર્થે આવતા ભાવિકો જંગલ વિસ્તારને નિહાળી શકે તે માટે વોચ ટાવર પણ બનાવાશે જે વોચ ટાવર પરથી સમગ્ર જંગલનો નઝારો જોવા મળી શકશે. વનતંત્ર દ્વારા આ વર્ષો જુના મંદિર વિસ્તારને વિકસાવવા માટે અનોખુ આયોજન કરાયુ છે જયારે આ વિસ્તારની જગ્યા પંચાયત વિભાગ હસ્તકની હોવાથી સંબંધિત વિભાગને પણ આ અંગે દરખાસ્ત કરી જરૂરી પ્રકીયા હાથ ધરાશે. હનુમાન મંદિરના વિસ્તારને ઈકો ટુરીઝમ થીમ પર ડેવલપ કરવાની કાર્યયોજનાના અંતે શ્રધ્ધાળુઓ માટે આ વિસ્તાર શ્રધ્ધાના આશ્રય સ્થાન સાથે એક જંગલ વિસ્તારનો નઝારો નિહાળવાનુ પીકનીક સ્પોટ પણ બની રહેશે. આ કાર્યયોજના અન્વયે હજુ આખરી આયોજન કરવાનુ બાકી છે.

## સ્પોર્ટ્સ સંકુલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડેવલપમેન્ટ પર વધુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ગાંધીનગરમાં રમતગમત માટે વધુ એક અત્યાધુનિક સ્પોર્ટ્સ સંકુલ પાટનગરમાં જ આકાર લઈ રહ્યું છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા વિકસાવાઈ રહેલા આ સ્પોર્ટ્સ સંકુલમાં વહીવટી મકાન ઉપરાંત મલ્ટિપર્પઝ હૉલ, બેઝમેન્ટ પાર્કિંગ, જુડો, ફેન્સિંગ, ટેબલ ટેનિસ જેવી ઈન-ડોર રમતો સાથે ખેલાડીઓના શારીરિક વ્યાયામ માટે જીમની સુવિધા સાથે સિનિયર કોચિંગ મળી રહે તે પ્રમાણે તેનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત સંકુલમાં રૂા. ૬.૭૦ કરોડના ખર્ચે ૨૨૦ બેડની એક હોસ્ટેલ તૈયાર થઈ રહી છે, જેના પાયા પૂરીને પ્લીન્થ લેવલ સુધીનું કાર્ય પૂર્ણ કરી દેવાયું છે અને આગામી એક વર્ષમાં હોસ્ટેલ તૈયાર થઈ જશે. સ્પોર્ટ્સ સંકુલમાં એક પ્રેક્ટિસ ફૂટબૉલ ગ્રાઉન્ડ સાથે ૪૦૦ મીટરનો ગ્રાસી એથ્લેટિક્સ ટ્રેક પણ વિકસાવાઈ રહ્યો છે, જેના માટે રૂા. ૧.૮૦ કરોડની ટેન્ડરિંગ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. આ મેદાન લગભગ આગામી ૪થી ૫ માસમાં તૈયાર થઈ જશે. સમગ્રસંકુલનું નિર્માણકાર્ય રમતગમત, યુવા સાંસ્કૃતિક વિભાગના અગ્ર સચિવની દેખરેખ હેઠળ ચાલી રહ્યું છે, જે તૈયાર થતાં આગામી સમયમાં ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યભરના ખેલાડીઓને તેનો લાભ પ્રાપ્ત થશે.

## મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલુ

ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાનસત્ર કે અધિવેશનમાં જવાનું હોય ત્યારે શ્રી ભરતભાઈની સાથે શ્રી કિશોરભાઈ જિકાદરા હોય જ. ભૂજ, સુરત, મગરવાડામાં મેં એમને સાથે ને સાથે જોયેલા. પણ સિકંદરાબાદ જવાનું થયું ત્યારે કિશોરભાઈ કોઈ કારણ સર આવી શકેલા નહીં. ભૂજ પછી હું અને રોહિણી તેમના સંપર્કમાં આવી ગયા હતાં. એટલે સિકંદરાબાદમાં અમે તેમની સાથે જોડાયેલા. સિકંદરાબાદ જવા માટે તેઓ પહેલાં રેલવેની ટિકિટો લઈ આવ્યા. પછી તેમના દીકરાઓએ કહ્યું હશે કે આટલા લાંબા અંતરે તમને રેલવેમાં જવાનું નહીં ફાવે. એટલે પછી તેમણે રેલવેની ટિકિટો રદ કરાવી વિમાનની ટિકિટ લીધેલી. મેં પાછા વળતાં રેલવેની ટિકિટ ચાલુ રાખેલી. એમાં ભારે ગરબડ થયેલી. પણ સિકંદરાબાદ જવાની ફ્લાઈટમાં હું, ભરતભાઈ અને પ્રજ્ઞાબેન સાથે હતા. વિમાનમાં એમણે સો રુપિયાવાળી ચા પીધેલી એ યાદ છે. એમની શ્રીશૈલમ જવાની ઈચ્છા હતી એટલે એક દિવસ વહેલાં અમે સિકંદરાબાદ પહોંચી ગયેલા અને શ્રીશૈલમ ગયેલાં. મોડી રાતે પહોંચેલા અને સવારે દર્શન કરી ઈડલીઢોસા ખાઈને સાંજ પડ્યે સિકંદરાબાદ આવી ગયેલા. બે દિવસ અધિવેશનના પ્રવચનો માણ્યા પછી તેમની બીજી ઈચ્છા રામોજી સ્ટુડિયો જોવાની હતી. એમાં પણ અમે જોડાયાં. એમાં તો ગાંધીનગરના બધા સભ્યો જોડાઈ ગયા હતા. રામોજી સ્ટુડિયો જોઈને ફરીથી સિકંદરાબાદ પહોંચવામાં મોડું થયેલું.

જો ભરતભાઈનો સાથ ન હોત તો હું શ્રીશૈલમ અને રામોજી સ્ટુડિયો ભાળી શક્યો ન હોત એ વાત પાક્કી.

અમે તા-૧-૦૨-૨૦૧૮ થી ૧૮-૦૨-૨૦૧૮ સુધી નેપાળ-વારાણસીના પ્રવાસ કર્યો હતો. તેના લેખો ગાંધીનગર સમાચારમાં '' મનના ઉમંગો'' શિર્ષક હેઠળ પ્રગટ થયેલા હતા, તેનું નાનકડું પુસ્તક બનાવવું જોઈએ એવો મને વિચાર આવ્યો. ઘણા દિવસ વિચાર કરી એક સવારે શ્રી ભરતભાઈને ફોન પર વાત કરી. એમણે તો પુસ્તક છાપવા શું શું કરવું એનો સીધો રસ્તો જ બતાવી દીધો.ભરતભાઈએ બતાવેલા રસ્તે હું કુંતલભાઈ નિમાવતને મળ્યો. કુંતલભાઈએ બધી વાતની સમજ પાડી. અમે ત્રણે બેત્રણ વાર ભેળા મળી ચર્ચાઓ કરી. છેલ્લે અમે ચા પીવા જઈએ ત્યારે કામ ભલે મારું હતું પણ ચા તો એ જ પીવરાવે. હું ઘણું મથું પણ એ માને નહીં. આમ મારું પ્રથમ પુસ્તક ''જય પશુપતિનાથ'' પ્રગટ થયું. તેમાં શ્રી ભરતભાઈને ખાસ ફાળો છે. મારા જેવા તો કેટલાય લેખકભાઈઓને ભરતભાઈએ માર્ગદર્શન આપ્યું હશે અને જરુરી સહાય કરી હશે.

ભરતભાઈ સાથે ફોન પર થયેલી વાતચીતના બીજા દિવસની એટલે તા- ૧૯/૧૨/૨૦૧૯ની સવારે દીવાબતી કરતો હતો ત્યાં પ્રજ્ઞાબેને બહારથી બૂમ પાડી. હું બારણું ખોલી બહાર આવ્યો. એક સેડ ન્યુઝ છે. એમણે કહ્યું. મેં પૂછ્યું, શું ? તેઓ કહે ભરતભાઈ કવિ ઓફ થઈ ગયા. સાંભળીને જ હું સ્તબ્ધ થઈ ગયો. મેં પૂછ્યું, અત્યારે લઈ જવાના છે ? તેઓ કહે, ખબર નથી પણ હું અત્યારે બીજે જાઉં છું ત્યાંથી તેમના ઘેર જઈશ. ચાલો, જોઉં છું કહી હું ઘરમાં આવ્યો. થોડીવારમાં મહેંદ્રભાઈ રાઠોડનો ફોન આવ્યો. મને કહે, કોઈ સમાચાર જાણ્યા ? મેં ભરતભાઈની વાત કરી. એ કહે હું જવાનો છું તમને લેતો જઈશ. મેં કહ્યું, હું દસ મિનિટમાં તૈયાર થઈ જાઉં છું. તમે આવો. આમ તો હું તૈયાર જ હતો. ખાલી લેંઘાના બદલે પેંટ પહેરવાનું હતું. હાથે પગે દવા ચોપડવાની હતી. ત્યાં ફરી મહેંદ્રભાઈનો ફોન આવ્યો, કદાચ લઈ જતા વાર લાગશે , આપણે થોડા મોડા જઈશું. મે કહ્યું ગમે ત્યારે આવો હું તૈયાર છું. નીકળવાના સમયે મહેંદ્રભાઈને શ્રી હરિકૃષ્ણભાઈ પાઠકનું કહેણ આવ્યું. મહેંદ્રભાઈ, પાઠક સાહેબને મૂકી આવી મને લેવા આવ્યા.

હું અને રાઠોડભાઈ બપોરે ચોવીસમાં ગયા ત્યારે અર્થી નીકળી ચૂકી હતી. અમે સીધા સ્મશાનમાં ગયા. હજુ અગ્નિદાહ દેવાયો ન હતો. જેમની સાથે અનેક જાતની વાતો કરી હતી તે ભરતભાઈ અત્યારે આંખો બંધ કરીને શાંત સૂતા હતા. મનોમન તેમને પ્રણામ કર્યા.

હવે એ આંખ ખોલવાના નથી. વાત કરવાના નથી. આપણે ગમે તેટલા મુંઝાઈએ એ કશો રસ્તો બતાવવાના નથી.

વહાલાનો વિજોગ લખીને ભરતભાઈ તમે ક્યાં ચાલ્યા,
શમણાંનો સંજોગ રચીને ભરતભાઈ તમે ક્યાં ચાલ્યા.
પગલે પગલે વચન દીધાં;તાં જીવતા અગ્નિની સાખે
જન્મ સાતનો
આભાર - નિહારીકા રવિયા સાથ તજીને ભરતભાઈ તમે ક્યાં ચાલ્યા,
સ્કંધે બેઠાં, ખોળે બેઠાં, ચાલ્યાં પકડી અંગુલી,
સંતાનોનો હાથ છડીને ભરતભાઈ તમે ક્યાં ચાલ્યા,
સજીધજીને કાયમ ફરતા, મુખડું રાખી મલકાતું.
આવા સાદા વેશ સજીને ભરતભાઈ તમે ક્યાં ચાલ્યા,
કાલે અમને એમ કહ્યું'તું રેલગાડીમાં જાવાનું
સવાર પડતાં આમ છળીને ભરતભાઈ તમે ક્યાં ચાલ્યા,
સૂરજ તો ઉગવાનો કાલે. પ્રકાશ કિંતુ શેં થાશે?
શબ્દોનો સહવાસ ત્યગીને ભરતભાઈ તમે ક્યાં ચાલ્યા

એ પુણ્યાત્માને હું પ્રણામ કરું છું. તેમના કુટુંબીજનોને આ આઘાત સહન કરવાની પ્રભુ શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું.

## ૩૦ ટકા બાળકો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત શહેરના ૫૭૬ બાળકો મેદસ્વિતાથી પિડાતા મળી આવ્યા છે. જે બદલાતી જીવન શૈલને રૂક જાવ કહેવા માટે પુરતી છે. ઉંમરના પ્રમાણમાં બાળકનું વધારે પડતું વજન તેમજ જંકફૂડ ખાવાની ટેવો પાડવાને બદલે હવે લીલા શાકભાજી અને પ્રોટીનથી ભરપુર ખાદ્યચીજો આરોગવા જણાવવું પડશે. મેદસ્વિતા એ રાષ્ટ્રીય ચિંતાનો પણ વિષય બની ઉભરી રહ્યો છે. શહેરમાં વિવિધ શાળાઓમાં ભણતા ૨૮૭ બાળકો તમાકુના વ્યસની હોવાનું પણ આ ચકાસણી દરમિયાન ચોંકાવનારૂ તારણ સામે આવ્યું છે. શાળા આરોગ્ય ચકાસણી દરમિયાન ગંભીર બિમારી ધરાવતા બાળકના આરોગ્યની સારવારનો ખર્ચ રાજય સરકાર ઉઠાવે છે જે નોંધનીય છે.

શાળાઓમાં ભણતા ભૂલકાંઓમાં મેદસ્વિતાનું પ્રમાણ જોઈ શહેરનું આરોગ્ય તંત્ર પણ ચોંકી ઉઠયું છે. આ ઉપરાંત ચામડીના રોગથી પિડાતા બાળકોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે તેથી બાળકને હાથ પગ ધોવાની ટેવ પાડવામાં આવે તે દિશામાં ખાસ અભિયાન હાથ ધરવાનું પણ તંત્ર વિચારી રહેલ છે. તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## સારવાર અપાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત ૧૨,૯૭૯ બાળકોને નાની મોટી બિમારી જણાતાં તેમને સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે જે ચિંતાનો વિષય છે. જો કે તંત્ર સબસલામતની વાતો સતત કરે છે. પરંતુ જિલ્લામાં આરોગ્યની સેવાઓ ફરી ચિંતાનો વિષય જરૂર બની છે.

જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણીના તારણો પણ શહેરની જેમ જ ચોંકાવનારા બહાર આવી રહ્યા છે.

## વાવણી કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્વે હાથ ધરાયો હતો જેના અંતે શહેરી વિસ્તારમાં પાંચ હેકટર જગ્યા ખુલ્લી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. આ ખુલ્લી જગ્યામાં ૪ હજાર રોપાઓની વાવણી કરવા માટે ખાડા ખોદવામાં આવશે. જેમાં મુખ્યત્વે ઘ-૨ વિસ્તાર તેમજ ક માર્ગ પર નવા રોપાઓની વાવણી કરાશે. શહેરમાં એકબાજુ વન આરક્ષિત જગ્યામાં દબાણો અને ગંદકીની સમસ્યા પણ વધી રહી છે. સેકટરોના રહેણાંક વિસ્તાર નજીક સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં ઝુંપડાના દબાણો અને ગંદકી સહીતની સમસ્યા જટીલ બની છે ત્યારે આ મામલે પણ વનતંત્રએ યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની અનિવાર્યતા છે. શહેરમાં વધુ હરિયાળી નિખારવા માટે વનતંત્ર દ્વારા પ્રતિવર્ષ શહેરી વિસ્તારમાં ખાલી જગ્યાનો સર્વે હાથ ધરી વાવેતર કરવામાં આવે છે.

## સેન્ટ્રલ વર્જ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયા છે. જયારે ક્રોસ રસ્તા પર વાહન લઈને માર્ગ ઓળંગતી વખતે સેન્ટ્રલ વર્જના લીધે વાહનચાલકોને વિઝન પણ મળતુ નથી જેના લીધે સામેની બાજુએથી આવતા વાહનનો દુરથી ખ્યાલ આવતો નથી સેન્ટ્રલ વર્જમાં સ્થિત બ્યુટીફિકેશનના ભાગરૂપે પ્લાન્ટેશન બહુ વિસ્તરી જવાની સાથે સેન્ટ્રલ વર્જની પહોળાઈ પણ આ માટે જવાબદાર હોવાનુ મનાય છે. આવા સંજોગોમાં સેન્ટ્રલ વર્જ પર માર્ગ સલામતીને ધ્યાને લઈ બ્યુટીફિકેશન તેમજ નવા રોપાઓની વાવણીનુ કામ હાથ ધરવુ જોઈએ તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. આ સ્થિતિને ધ્યાને લઈ અગાઉ ક્રોસ જંકશન પર સેન્ટ્રલ વર્જમાં અમુક અંતર સુધી રોપાઓની વાવણી નહીં કરવાની સાથે પેવર બ્લોક કરી દેવાયા છે. પરંતુ આ પ્રયોગ પણ વધુ અસરકારક પુરવાર થયો નથી. શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત ક્રોસ રસ્તાઓ આમ પણ જોખમી હોવાના લીધે અનેકવાર આ મામલે માર્ગ સલામતીની દ્રષ્ટીએ રજુઆત પણ કરવામાં આવી છે. આમછતા હજુ સુધી કાંઈ થયુ નથી જયારે ઉપરથી સેન્ટ્રલવર્જના લીધે વાહનચાલકોને વિઝન પણ મળતુ નથી જેથી મુખ્યમાર્ગો પર પૈડા પરની જિન્દગી વધુ જોખમાઈ છે.